# કામ પર ભેદભાવનો અંત થયો છે.

નવા કાયદા પ્રમાણે તમારે
જાતિય સંબંધોના આધારો પર
કરવામાં આવતા ભેદભાવો
હવે સહન નહિ કરવા પડે.
હવે આ ભેદભાવો રહ્યા નથી.





# અમને, તમારા જૂના દિવસો વિશે કહો

જ્યારે શર્લી નામની શિક્ષિકાનું જીવન હોમોફોબિક(સજાતિય વલણ)ના વિદ્યાર્થીઓએ ખૂબ દુ:ખદાયી બનાવ્યું હતું ત્યારે તેણીની હેડટીચરે કહયું કે “તારે તે બધુ ચૂપચાપ સહન કરવું પડશે”.
હવે આવું નહિ થાય.

જ્યારે પિટરને એ વાતની ખબર પડી કે હેલ્થ વર્કર તરીકેનું કામ જોઇએ તેવું તેને મળ્યું ન હતું ત્યારે તેણે તપાસ કરી અને તેને જાણવા મળ્યું કે તે ગેમેન (પુરૂષનો પુરૂષ સાથનો જાતિય સંબંધ)હોવાથી તેને યોગ્ય કામ મળ્યું નથી તેનો મેનેજર તેના પર દાદાગિરી કરતો હતો તેના પરથી જાણવા મળ્યું.
હવે આવું નહિ થાય.

લિસાએ પાસની માગણી કરી ત્યારે તેણીને ના પાડવામાં આવી હતી. લિસાના કરારમાં લખ્યું હતું કે “પતિ/પત્ની (સ્પાઉસ)અથવા આશ્રિત,” લોકો મફતમાં મુસાફરી કરી શકશે તેણીને ના પાડવાનું કારણએ હતું કે તેણીની પાર્ટનર એક સ્ત્રી હતી
હવે આવું નહિ થાય.

ગેમેન, લેસબિયન(સ્ત્રીનો સ્ત્રી સાથેનો સંબંધ) અને બાયસેક્સુઅલ (સ્ત્રી અને પુરૂષ બંન્ને સાથેનો સંબંધ) ને પોતાના જાતિય સંબંધોને લીધે ઘણું સહન કરવું પડતું હતું. જેમકે:- નોકરીમાંથી કાઢી મૂકવા, હેરાનગતિ, નોકરીના ઓછા લાભો આપવા, પ્રમોશન ન આપવું વગેરે. હવે તેને સમાપ્ત કરી દીધેલ છે. અંત કરી દીધો છે. તેવું વર્તન કાયદા વિરૂધ્ધ છે.

તમે તે કાયદાનો ઉપયોગ થાય તેની ખાત્રી કરજો.

**નવા કાયદામાં, હવે ત્રણ પ્રકારની ભેદભાવ વૃત્તિ તમારે કામ પર સહન નહિ કરવી પડે.**

## સીધો ભેદભાવ (ડિરેક્ટ ડિસ્ક્રીમિનેશન)

કોઇપણ બાબત સીધો સંબંધ ધરાવતાં (દંપતિ) કાર્યકરો માટે અત્યારે યોગ્ય છે તે બાબત તમારા માટે પણ યોગ્ય છે. જો સામાન્ય લોકો સાથે મળીને કામ કરી શકે તો તમે પણ કામ તે રીતે કરી શકો. જો સીધા લોકોને જે કામ કરવાની રજા ન મળે તો, તમને પણ તે કામ કરવાની રજા મળશે નહિ.

25 લેસબિયન, ગેમેન અને કોઇ એક બાયસેક્સુઅલ વ્યક્તિમાંથી તેના જાતિય સંબંધોના આધાર પર કામ પરથી કાઢી મૂકવામાં આવે. હવે આપણે તેના માટે ઝઘડવાની જરૂર નથી.



## આડકતરો ભેદભાવ (ઇન્ડિરેક્ટ ડિસ્ક્રીમિનેશન)

તેનો અર્થ એ થયો કે જો તમારો એમ્પ્લોયર સગવડ, પ્રમોશન અને અન્ય લાભો સામાન્ય કાર્યકરોને આપે અને તમને શા માટે ન આપે જેનાથી તમને લાભ થાય. જો અપરિણિત પાર્ટનરોને કામ કરવા માટે આમંત્રણ આપવામાં આવે તો, આપોઆપ તમારા પાર્ટનરને પણ આવકારવામાં આવશે

લગભગ દસ લેસબિયનો, ગે મેન અને બાયસેક્સુઅલમાંથી કોઇ એકને ધ્યાનમાં રાખીને પ્રમોશન માટે તેમને સજાતિય અને વિજાતિય સંબંધને આધારે સ્વીકારવામાં આવતા નથી. હવે આપણે આના માટે ઝઘડવાની જરૂર નથી.

## પજવણી (હરેસમેન્ટ)

એમ્પલોયર અથવા સહકાર્યકરો જે એવું વિચારે કે એવું વાતાવરણ ઉભુ કરીને લેસબિયન, ગે મેન અથવા બાયસેક્સુઅલનું જીવન નર્ક બનાવે જેમાં તેઓ ન રહેવા માગતા હોય તો, તેમણે આમ કરતાં પહેલાં વિચારવું પડશે.

પછી ભલે તમે કામ પરથી બહાર ન હોવ તો,પણ તમારે હવે ઝઘડવાની જરૂર નથી.

પાંચ લેસબિયનો, ગે મેન અને બાયસેક્સુઅલમાંથી કોઇ એકને ખબર પડી કે તેમને (જાતિય સંબંધ) સેકસને આધારે પજવવામાં આવેલ છે. હવે કોઇ માટે ઝઘડવાની જરૂર નથી.

## અપવાદો

### વ્યવસ્થિત ધર્મ

જૂજ કેસોમાં, એમ્પ્લોયરો વ્યવસ્થિત ધાર્મિક છે, તેઓ હજી લેસબિયન, ગે મેન અને બાયસેક્સુઅલને કામે રાખવાની ના પાડી શકે છે. જો કે તે તેમની શ્રધ્ધા અનુસાર વિચિત્ર લાગે. પરંતુ કોર્ટે જણાવ્યું છે કે આ નિયમ ખૂબ ઓછા કેસોને લાગુ પડશે, જેવાંકે પાદરી અથવા ઇમામો. જો તમે ધાર્મિક સ્કૂલમાં અથવા ધાર્મિક ચેરિટી સંસ્થા માં નોકરી કરો છો તો, તમે સુરક્ષિત છો. જો તમે પણ આ નોકરીમાં પહેલેથીજ છો તો, તમારી સાથે પણ બીજા કરતાં ઓછુ સારૂ વર્તન કરવામાં નહિ આવે.

## પરણેલા યુગલો માટેની બેનિફિટો

જૂજ કેસોમાં, પેન્સન અને આર્થિક લાભો પરિણિત (દંપત્તિ)ને મળે છે તે આપમેળે ગે પાર્ટનરને ન મળે. પરંતુ સારા એમ્પલોયરો પહેલેથીજ આપે છે. તેમછતાં, વરસ 2005ના અંતમાં ગેના પાર્ટનરો તેમની પાર્ટનરશીપ ને રજીસ્ટર કરાવશે તો, તેમને પેન્શનના હક્કો મળશે.

## રોજગારને લગતી જરૂરિયાતો

સિધ્ધાંતો અનુસાર, કેટલીક એવી નોકરીઓ હશે જેમાં સામાન્ય દંપત્તિ (અથવા લેસબિયન, ગે અથવા બાયસેક્સુઅલ)નોકરી બરોબર કરી શકે. હાલમાં કોઇ એવી બાબત વિશે વિચારી શકાય તેમ નથી.



## તો, તમે તેના વિશે હવે શું કરશો ?

શું તમને પજવે છે તે વ્યક્તિ સાથે તમે વાત કરી શકશો? શું તમે તેને સમજાવી શકશો કે તેઓ શા માટે તમને પજવે છે ?

જો તમે આમ ન કરી શકો તો, તમારી પાસે કોઇ સમજુ વ્યક્તિ હ્યુમન રિસોર્સસીઝ અથવા પર્સનલ મેનેજર છે? તમે જે કંઇ તેને કહો તે ખાનગી રાખે ? આવો વ્યક્તિ શોધી કાઢો.

શું તમે સ્ટાફ એસોસિએશન અથવા ટ્રેડ યુનિયનના સભ્ય છો? તેઓ તમારી ફરિયાદને ખૂબ ગંભીર લેશે, કાયદાને બારિકાઇથી જાણશે અને તમે જે કરવા માગશો તે કરશે.

તમારા માટે સિટીઝન એડવાઇઝ બ્યૂરોના સાવ અજાણ્યા વ્યકિત સાથે કે લેસબિયન અને ગે હેલ્પ લાઇન પર વાત કરવાનું વધુ સહેલું છે?

વધુમાં વધુ ખરાબ એ પરિણામ આવશે કે ટ્રાયબ્યૂનલ પોતાની શકિત વડે ભેદભાવ અથવા પજવણીના વળતરરૂપે તમારા એમ્પ્લોયર પાસેથી રોકડા પૈસા તમને અપાવશે અને તેની કોઇ મર્યાદિત રકમ નથી તેનો આધાર કેસ કેટલો ગંભીર છે તેના પર રહેલો છે.

અને તમે ઉતાવળા થાવ તે પહેલાં, અગર તમે તેની સામે વ્યવહારિક ફરિયાદ (ફોર્મલ કમ્પલેઇન)કરવાનો નિર્ણય કરેલ છે અને તે તમારી સાથે ખરાબ વર્તન કરે તો તે તમારા એમ્પ્લોયર માટે ગેરકાયદેસર છે

બધાએ મગજમાં એ વાત બેસાડવી પડશે કે ભેદભાવનો કાયમને માટે અંત કરી નાખ્યો છે.

સિટીઝન'સ એડવાઇઝ:
www.citizensadvice.org.uk
કમ્યૂનિટી લિગલ સર્વિસીઝ
www.clsdirect.org.uk
0845 608 1122
ટીયુસી- તમારા અધિકારો જાણો લાઇન
0870 600 4882
સિટીઝન્સ એડવાઇઝ સિમરુ:
02920 376 750
સિટીઝન'સ એડવાઇઝ સ્કોટલેન્ડ:
0131 550 1000
ઇ-મેઇલ: info@cas.org.uk
સ્કોટીશ એમ્પ્લોયમેન્ટ
રાઇટ્સ નેટ વર્ક
0131 556 3006
સ્કોટીશ એસોસિએશન
ઓફ લો સેન્ટર:
0141 440  2503
સ્ટોનવોલ:
020  7881  9440
મિનીકોમ 020 7881 9996
સ્ટોનવોલ સ્કોટલેન્ડ:
0141 204 0746
સ્ટોનવોલ સિમરુ :
02920 237 744 /01248 370082
www.stonewall.org.uk



Stonewall